



## બાયડ વાત્રક હોસ્પિટલ પાસે કરાયેલા દબાણ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું : દબાણ દૂર કરાતા સ્થાનિકોએ હોબાળો મચાવ્યો

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના બાયડ-મોડાસા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલી વાત્રક હોસ્પિટલના દરવાજા નજીક આવેલી ૫૦થી વધુ નાની-મોટી દુકાનો દબાણ હેઠળ હોવાના બહાનાતળે હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા છેલ્લા દસ દિવસથી દુકાનો તોડી પાડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. રવિવારે ફરીથી દબાણ કરાયેલી દુકાનો તોડી પાડવા કામગીરી હાથ ધરાતા વેપારીઓ દ્વારા વિરોધાત્મક કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. વર્ષોથી હોસ્પિટલ આગળ નાની-મોટી દુકાનો કરી ધંધો-રોજગાર કરતા અને જીવનનિર્વાહ ચલાવતા લોકોની દુકાનો તોડી પાડવામાં આવતા સ્થાનિકોએ હોબાળો મચાવ્યો હતો.

## અંબાજીના કોટેશ્વરમાંથી પોલીસે વિદેશી દારૂ બિયરનો જથ્થો ઝડપી પાડ્યો

### પોલીસે ૫,૧૨,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો : આરોપી કારચાલક કાર મુકી ફરાર

અંબાજી, તા. ૧૨

અંબાજીના કોટેશ્વર સીમમાંથી પોલીસે બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવતી દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર ઝડપી પાડી હતી. અને આ દરમિયાન રાજસ્થાનથી દારૂ-બિયરનો જથ્થો ભરી સ્વીફ્ટકાર અંગે બાતમી મળી હતી. જે બાતમીના આધારે માર્ગ પર નાકાબંધી કરી બાતમીવાળી સ્વીફ્ટકાર નં. જીજે-૨-બીપી-૬૫૧૮ને અટકાવી તેની






રૂ. ૫,૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી કારચાલક કાર મુકી નાસી છુટ્યો હતો. જે મામલે અંબાજી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અંબાજીના કોટેશ્વર સીમમાં અંબાજી પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.એસ. વરૂ પોતાનીટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. તપાસ કરતા તેમાંથી રૂ. ૧,૧૨,૭૦૦ની કિંમતનો દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો અને કાર મળી કુલ રૂ. ૫,૧૨,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે આરોપી કાર ચાલક દિલિપ બાલકિશન પ્રજાપતિ કાર મુકી નાસી છુટ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી ફરાર કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## મોડાસા માર્કેટયાર્ડમાં ઋષભ ટ્રેડીંગમાંથી ૧૯૭૭ કિલો મગફળીનો બિનહિસાબી જથ્થો સીઝ

### સંગ્રહખોરોમાં ફફડાટ ફેલાયો : જિલ્લામાં સંગ્રહખોરોનું પ્રમાણ વધ્યુ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં કોલેજરોડ પર આવેલા માર્કેટયાર્ડમાં મગફળી તેમજ અન્ય તેલીબીયાની સંગ્રહખોરી નાથવા માટે શનિવારે મામલતદાર અને મોડાસા પુરવઠા વિભાગની ટીમ દ્વારા વ્યાપક દરોડાની કાર્યવાહી હાથ ધરાતા મોડાસા માર્કેટયાર્ડમાં આવેલી ઋષભ ટ્રેડીંગ નામની તેલીબીયાની પેઢીમાંથી ૧૯૭૭ કિલો કિંમત રૂ. ૧.૧૮ લાખ રૂપિયાની મગફળીનો બિનહિસાબી જથ્થો ઝડપી પાડી સીઝ કરી આ જથ્થાનો અહેવાલ જિલ્લા પુરવઠા વિભાગને સોપી દીધો હતો. મોડાસા માર્કેટયાર્ડમાં મામલતદાર દ્વારા અચાનક તપાસ હાથ ધરાતા અન્ય સંગ્રહખોરોમાં ફફડાટ ફેલાયો હતો.

ગુજરાત રાજ્યમાં ચાલુ સાલે મગફળીના પાકનું મબલખ ઉત્પાદન થયુ હોવા છતાં તેલીબીયા માફિયાઓ દ્વારા મગફળીના જથ્થાને સંગ્રહ કરતા સીંગતેલના ભાવમાં અસહ્ય વધારો થતા આમ આદમીની હાલત કફોડી બનતા રાજ્ય સરકારે સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ ઉપર ભીંસ વધારવા વ્યાપક કામગીરી સમગ્ર રાજ્યમાં હાથ ધરવાના આદેશ કરાતા મોડાસા મામલતદાર અને તેમની ટીમે શનિવારે મોડાસા માર્કેટયાર્ડમાં આવેલી અને તેલીબીયાના વેપાર સાથે સંકળાયેલી પેઢીઓમાં વ્યાપક તપાસ હાથ ધરાતા ન્યુ માર્કેટયાર્ડના સી બ્લોકમાં આવેલ ઋષભ ટ્રેડીંગ કુ.માં તપાસ હાથ ધરાતા મોટી ગેરરીતી જણાઈ આવી હતી અને શનિવારે સાંજના સમય સુધી ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરાતા છેવટે ૧૯૭૭ કિલો કિંમત રૂ. ૧૧૮૬૨૦નો બિનહિસાબી મગફળીનો જથ્થો ઝડપાતા આ ઝડપાયેલા જથ્થાને મામલતદાર અને તેમની ટીમે સીઝ કરી વધુ કાર્યવાહી માટે જિલ્લા પુરવઠા વિભાગને અહેવાલ સુપ્રત કરી ગેરકાયદેસર બિનહિસાબી મગફળીનો જથ્થાનો સંગ્રહ કરનાર પેઢીના માલીક સામે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરાશે.



મોડાસા મામલતદારે માર્કેટયાર્ડમાં સંગ્રહખોરો સામે લાલ આંખ કરતા અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર તેલીબીયા અને ધાન્ય પાકોનું સંગ્રહખોરી કરી ભાવ વધારતા અને લોકોના ખીસ્સા ખંખેરવા સતત મથામણ કરતા સંગ્રહખોરોમાં ફફડાટ ફેલાયો છે.

## મજરા પાસે ઈકો ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત બાઈકસવારનું સારવાર દરમિયાન મૃત્યુ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મજરા ચોકડી પાસે સાંજના સાત કલાકે બાઈક અને ઈકો ગાડી વચ્ચે અકસ્માત થતાં બાઈક સવારનું વહેલી સવારે સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના મજરા ચોકડી ઉપર રાત્રીના સાત વાગ્યાના સમયે પોતાના બાઈક ઉપર ઘરે જઈ રહેલ બાઈક સવાર બાઈક નંબર જીજે૦૧-આરએચ-૮૪૦૫નો ચાલકે ફુલ ફાસ્ટ હંકારી લાવીને બાઈક ઉપર જઈ રહેલા રમેશભાઈ પટેલ ઉ. વર્ષ-૫૫ રહે. હાલ મજરા મૂળ સુણોક (મહેસાણા)ને ઈકો ચાલકે ટકકર મારી તેમણે ૧૦ ફૂટ ઢસડીને લઈ જતા શરીરે તથા માથાના ભાંગે ઈજાઓ થતાં તેમણે પહેલાં ૧૦૮માં પ્રાંતિજ અને પછી ગાંધીનગર હાઈટેક ખાતે ખસેડવામાં આવ્યા હતાં અને ત્યાથી વધુ સારવાર અર્થે એપોલોમાં ખસેડવામાં આવ્યા હતાં. જયાં વહેલી સવારે સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. જયારે મજરા ગામે વાયુવેગે તેમના મોતનાં સમાચાર પ્રસરી જતાં આખુય ગામમાં શોકની લાગણીમાં ફેરવાયું ગયું હતું.

## ધાનેરામાં પરણિત યુવતીએ ટ્રેન નીચે પડતુ મુકી જીવનનો અંત આણ્યામ

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા રેલ્વે સ્ટેશ પર એક પરણિત મહિલા દ્વારા ટ્રેન નીચે પડતું મૂકી જીવનનો અંત આણતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મોડી રાત્રે ધાનેરા રેલ્વે સ્ટેશ પરથી ટ્રેન પસાર થઈ રહી તે સમયે ધાનેરાની એક પરણિત મહિલાએ ટ્રેન નીચે પડતું મૂકી જીવનનો અંત આણતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે ત્યારે વહેલી સવારે લોકો રેલ્વે સ્ટેશ પરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે મહિલાનો મૃતદેહ જોતા લોકોએ ધાનેરા રેલ્વે સ્ટેશ માસ્તરને જાણ કરતા રેલ્વે સ્ટેશ માસ્તર દ્વારા ભીલડી રેલ્વે પોલીસને જાણ કરવામાં આવી હતી ભીલડી રેલ્વે પોલીસ ભાવેશભાઈ તાત્કાલિક ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરતા જાણવા મળ્યું હતું મહિલાનું નામ પાર્વતીબેન રાજુભાઈ પટેલ છે પણ તેમને કયા કારણોસર આત્મહત્યા કરી તે બાબત તો પોલીસ તપાસ બાદજ બહાર આવશે.

## મેઘરજમાં ઓસ્ટ્રેલિયન સંસ્થા દ્વારા ભુગર્ભ જળનુ પરીક્ષણ કરાયુ

મેઘરજ, તા. ૧૨

મેઘરજ તાલુકાના અતિ પછાત ગણાતા એવા આદિવાસી વિસ્તારમાં ઉનાળાની પુર્વ શરૂઆતથી જ પાણીના તળ નીચે જતા રહેતા હોવાથી પાણીની વિકટ સમસ્યા સર્જાય છે. ત્યારે પાણીની સમસ્યા અંગે ચિંતા થતા આ સમસ્યા કેવી રીતે નિવારી શકાય અને ભુગર્ભ જળ કેવી રીતે નીચે જતુ અટકાવી શકાય તે અંગેની વિસ્તૃત માહિતી ડી.એસ.સી.નો ઓસ્ટ્રેલીયા કાઉન્સીલ ફોર ઈન્ટરનેશનલ એગ્રીકલ્ચર રિસર્ચ પ્રોજેકટ (એસીઆઈએઆર) દ્વારા ટ્રાયબલ એરીયામાં હાથ ધરવામાં આવ્યો છે અને ખેડૂતોને આ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી રહી છે.



પ્રાપ્ત વિગત મુજબ મેઘરજ તાલુકાના અતિ પછાત ગણાતા આદિવાસી વિસ્તારમાં ડીએસસીની હેડ ઓફિસ અમદાવાદ બોપલ દ્વારા એન્જીનીયર ચંચલ પાંડેની રાહબરી હેઠળ કુલ છ ગામો જેમાં ભાટકોટા, ધાંધીયા, વલુણા, રાંજેડી, તરકવાડીયા અને નવાધરાં(કુણોલ)નો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કુવા રિચાર્જ અને ભુગર્ભ જળ સંશોધન અંગેનો પ્રોજેક્ટ હાથ ધરી ભુગર્ભ જળનું તળ ઉંચુ લાવવાનું ઉમદા કાર્ય કરવામાં આવે છે. જેમાં કુવામાં પીવીસી પાઈપ દ્વારા સેન્સર મશીન મુકી કુવાના પાણીનું ટી.ડી.એસ. અને પી.એચ. માપી પાણીની આવક નક્કી કરવામાં આવે છે અને પાણીનું વધઘટ થવાનું કારણ જાણી ખેડૂતને કુલ ખેતી માટે એક વીઘાની ખેતીમાં કેટલુ પાણી જોઈશે તે અંગેની વિસ્તૃત માહિતી ખેડૂતને પહેલેથી જ આપી ચોમાસાના વરસાદનું પાણી કૂવાની બાજુમાં એક ટાંકી બનાવી તેમાં પત્થર અને રેતી નાખી તે કુંડીમાં શુદ્ધ કરી કૂવામાં ઉતારવુ જેથી ભુગર્ભ જળ ઉંચુ લાવી શકાય છે.

અત્રે ઉલ્લેખનીય છે ભુગર્ભજળ ઉંચુ લાવવાના મુખ્ય હેતુથી આગામી ટુંક સમયમાં ઓસ્ટ્રેલીયાની એક શાળા અને મેઘરજ તાલુકાની ભાટકોટા પ્રા. શાળાના બાળકો સાથે ઘટતા જતા ભુગર્ભ જળ અંગે સીધો વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવશે અને ત્યાર બાદ ઓસ્ટ્રીલાયની એક શાળાના પસંદગી પામેલ ૮ થી ૧૦ જેટલા બાળકો ભારત આવી ભાટકોટા ગામની મુલાકાત લેશે અને ત્યાર બાદ મેઘરજ તાલુકાના ભાટકોટા પ્રા. શાળાના ૮ થી ૧૦ બાળકો ઓસ્ટ્રેલીયા જઈ ત્યાના ભુગર્ભ જળ વિશેની માહિતી મેળવશે તેવું એન્જીનીયર ચંચલ પાંડેએ જણાવ્યું હતું.

## હિંમતનગરના ટાવર ચોકમાં રાહદારીના ખીસ્સામાંથી ૭૨ હજારની રોકડની ચોરી

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ટાવર ચોક નજીક આવેલ હિંમત હાઈસ્કૂલ પાસેથી શનિવારે પસાર થઈ રહેલા ઝહીરાબાદના જાવીદભાઈ ગફુરભાઈ મેમણના ઝભ્ભાના ખિસ્સામાંથી અજાણ્યા શખ્સો રૂ. ૭૨ હજારની ચલણી નોટોની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે તેમણે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## જુની કણાદર પ્રાથમિક શાળામાંથી ૩૫ હજારની એલસીડી ચોરાઈ

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાની જુની કણાદર પ્રાથમિક શાળાના રૂમનું તાળુ તોડી ગત તા. ૧૦મી જૂનની રાત્રી દરમિયાન કોઈ ચોર ઈસમોએ રૂ. ૩૫ હજારના એલસીડીની ચોરી કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક વૃદ્ધિ અને જ્ઞાનમય વાતાવરણ ઉભુ કરવા પ્રત્યેક પ્રાથમિક શાળાઓને કમ્પ્યુટર લેબ અને અત્યાધુનિક હાઈડેફીનેશન ધરાવતા ૪૨ ઈંચના એલસીડી ટીવી ઉપલબ્ધ કરાવી છે. જો કે પ્રાથમિક શાળાઓમાં રહેલી કોમ્પ્યુટર લેબ ચોર ઈસમો માટે આવકનું સ્ત્રોત બની હોય તેમ છાશવારે કોમ્પ્યુટર, એલસીડી ટીવીની ચોરીના બનાવો પ્રકાશમાં આવતા હોય છે. જેમાં વિજયનગર તાલુકાના કણાદર ગામની જુની કણાદર પ્રાથમિક શાળામાં ગત તા. ૧૦મી જૂનની રાત્રી સમયે અજાણ્યા ચોર ઈસમોએ ઓરડાનું તાળુ તોડી ૪૨ ઈંચની રૂ. ૩૫ હજારની કિંમતની એલસીડી ટીવીની ચોરી કરી હતી. શનિવારે વહેલી સવારે શાળામાં આચાર્ય અને સ્ટાફ આવતા ઓરડાનું તાળુ તુટેલુ હોવાનુ માલુમ પડ્યું હતું. જેમાં ઓરડામાં તપાસ કરતા એલસીડી ટીવીની ચોરી થયાનું માલુમ પડતા રામજીભાઈ નાનજીભાઈ કટારા (રહે. કણાદર)નાઓએ ચિઠોડા પોલીસમથકમાં ચોરીના આ બનાવ સંદર્ભે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હિતેશ ચૌધરીની સિન્ડીકેટ સભ્ય તરીકે નિમણુંક

ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓને આવરી લેતી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં રાજ્ય સરકારે આજરોજ ભારતીય જનતા પાર્ટીના આગેવાન હિતેશભાઈ ચૌધરીની સીન્ડીકેટ સભ્ય (સર્વોચ્ચ સત્તામંડળના સભ્ય) તરીકે નિમણુંક કરી છે. ચૌધરીની રાજ્ય સરકારે કરેલી નિમણુંકથી ભારતીય જનતા પાર્ટી અને યુવા વર્ગમાં આનંદની લાગણી છવાઈ હતી.





## ખેડા કોંગ્રેસના અગ્રણી રમણભાઈ ગોહેલ ભાજપમાં જોડાયા

ખેડા જિલ્લા ભાજપ દ્વારા ખેડા તાલુકા/શહેરનો વાસણા મારગિયા મુકામે પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો જેમાં કોંગ્રેસના ખેડા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ રમણભાઈ ગોહેલ ૧૦૦૦ કાર્યકર્તાઓ સાથે ભાજપામાં જોડાયા હતા. જિલ્લા પ્રમુખ અને સાંસદ દેવુસિંહ ચૌહાણે તેમનું ખેસ પહેરાવીને સ્વાગત કર્યું હતું.

## છીટાદરા ગામે ૧૭ વર્ષીય સગીર યુવકે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

મેઘરજ, તા. ૧૨

મેઘરજ તાલુકાના છીટાદરા ગામના ૧૭ વર્ષીય સગીર યુવકને તેના પિતાએ રૂપિયા બાબતે ઠપકો આપતા સગીરને લાગી આવતા ઘરમાં એકલતાનો લાભ લઈ પોતાનું જીવન ટુંકાવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ છીટાદરા ગામના કિરણભાઈ વજાભાઈ આંબલીયા ઉં.વ. ૧૭ જે થોડા સમય પહેલા મજુરી કામ અર્થે અમદાવાદ ગયો હતો અને ગત શનિવારે બપોરે ત્રણ વાગે તેના વતન છીટાદરા ગામે પાછો આવતા તેના પિતા વજાભાઈ રૂપાભાઈ આંબલીયાએ સગીરને પુછ્યું હતું કે તુ રૂપિયા લાવ્યો છે કે કેમ તેમ પુછતાં સગીરે ના પાડેલી જેથી વજાભાઈ સગીરને ઠપકો કરી તેમના પડોશમાં રહેતા કુટુંબનો દિકરો મૃત્યુ પામ્યો હોઈ તેની દફન વિધિમાં ગયા હતા અને સગીરના મા કપડા ધોવા ગયેલા તે અરસામા ઘરમાં સગીર એકલો હોઈ તેના ઘરમાં જ રસ્સી બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હતુ. આ ઘટનાની જાણ તેના પાડોશીઓને થતાં તેના પિતા વજાભાઈને જાણ કરી ઘરે બોલાવ્યા હતા અને વજાભાઈએ આ અંગે ઈસરી પોલીસને જાણ કરી હતી. જ્યારે ઈસરી પોલીસે સીઆરપીસી(ક) ૧૭૪ મુજબ એડી દાખલ કરી સગીરનું મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે પીએમ કરાવ્યું હતું.